GJAH221060082024

<u>વાડજ પો.સ્ટે.પાર્ટ.એ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૩૨૪૦૩૭૯/૨૦૨૪ મુજબના ગુનાના કામના આરોપી હેમાંગકુમાર દિનેશભાઈ પરમારનાઓના જામીન રદ કરવા માટેની આપેલ અરજી લગત હુકમ.</u>

**<u>ક્રિ.પ.અ.નંબરઃ૮૭૦૬/૨૦૨૪</u>**

૧. સદર કામે વાડજ પોલીસ સબ ઈન્સ્પેકટશ્રીનાઓ દ્વારા વાડજ પો.સ્ટે.પાર્ટ.એ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૩૨૪૦૩૭૯/૨૦૨૪ થી ઈ.પી.કો.કલમઃ૩૫૪(ડી),૫૦૬(૨) મુજબના ગુનાના કામના ફરિયાદી ક્રિષ્ના ડૉ/ઓફ નિતીનભાઈ દાનાભાઈ પરમારનાઓએ આરોપી હેમાંગકુમાર દિનેશભાઈ પરમારનાઓ સામે ફરિયાદ નોધાવેલ જે ફરિયાદના કામે આરોપીને અટક કરીને નામદાર કોર્ટ સમક્ષ રજુ રાખવામા આવતા, નામદાર કોર્ટ દ્વારા આરોપીને શરતોને આધીન જામીન મુક્ત કરવાનો હુકમ તારીખઃ ૧૬/૦૬/૨૦૨૪ ના રોજ કરેલ જે અન્વયે આરોપી જામીન રજુ રાખતા આરોપીને શરતોને આધીન જામીન મુક્ત કરેલ બાદમાં આ કામે ગઈ તારીખઃ૨૦/૦૬/૨૦૨૪ નારોજ ફરિયાદી તેઓની નોકરી ઉપર હાજર હતા તે દરમ્યાન કલાકઃ૧૭-૩૦ વાગ્યાના સુમારે આરોપી તેઓની નોકરીવાળી જગ્યાએ જઈ ફરિયાદીને

કહેવા લાગેલ કે તે મારૂ શુ બગાડી લિધેલ મારા જામીન થઈ ગયેલ છે અને તારે વધારે રૂપીયા વાપરવા હોય તો શાહીબાગ ખાતે આવ તેમ જણાવી ફરિયાદીની ઓફિસ ખાતેથી જતો રહેલ અને સાથેના સ્ટાફ સાથે પણ અસભ્ય વર્તન કરી, ફરિયાદીને ધાકધમકી આપી નામદાર કોર્ટ દ્વારા શરત નંબરઃ૦૧ નુ ઉલ્લંઘન કરેલ હોય જેથી આરોપીના જામીન રદ કરવા માટે હાલની અરજ ગુજારેલ છે તેથીસાથે અરજદાર ક્રિષ્ના ડૉ/ઓફ નિતીનભાઈ પરમારનાઓની અરજીની નકલ તથા સાહેદોના નિવેદનો સામેલ રાખેલ છે.

૨. વાડજ પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીનાઓ દ્વારા હાલની અરજ રજુ થતા મારા પુરોગામી મેજીસ્ટ્રેટ સાહેબશ્રીએ અરજી સંદર્ભે સાંભળવા માટે આરોપી હેમાંગ પરમારને રજુઆત કરવા નોટીસ ઈસ્યુ કરવાનો હુકમ કરી, વાડજ પોલીસે રજુ રાખેલ અરજીને સી.આઈ.એસ.મોડ્યુલમાં એન્ટ્રી પાડવાનો હુકમ કરતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

૩. વાડજ પોલીસ સ્ટેશનનાઓ દ્વારા હાલની અરજી રજુ થતા આ કામના આરોપીને નોટીસ કાઢવાનો હુકમ થતા આરોપીને ધારાધોરણસર નોટીસો ઈસ્યુ કરવામા આવેલ છે જેમાં તારીખઃ ૧૪/૦૮/૨૦૨૪ તથા તારીખઃ૧૩/૦૨/૨૦૨૫ એમ મળી કુલ બે વખત નોટીસની બજવણી થયેલછે પરંતુ આરોપી નામદાર કોર્ટમાં હાજર થયેલ નથી. વધુમાં આજરોજ આરોપી તથા આરોપીએ અગાઉ જામીન અરજી વખતે જે વકીલશ્રી રોકેલ તેઓનો વારંવાર પોકાર કરાવવા છતાં કોઈ હાજર થયેલ નથી કે

કોઈ રિપોર્ટ નથી.

૪. વાડજ પોલીસ સ્ટેશનનાઓ દ્વારા રજુ રાખેલ હાલની અરજી તથા સદર કામ અનુસંધાને આરોપી હેમાંગકુમાર દિનેશભાઈ પરમારનાઓ સામે વાડજ પો.સ્ટે.પાર્ટ.એ. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૩૨૪૦૩૭૯/૨૦૨૪ થી ઈ.પી.કો.કલમઃ ૩૫૪(ડી), ૫૦૬(૨) મુજબના ગુનાનુ ચાર્જશીટ રજુ રાખેલ છે. આમ, આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા પોલીસ અધિકારીશ્રી દ્વારા ચાર્જશીટ રજુ રાખેલછે. જે કામનુ કેસ રેકર્ડ ધ્યાને લેવામા આવે તો આરોપીને જામીન મુક્ત કરતી વખતે જામીન અરજી તળે થયેલ હુકમ ધ્યાને લેવામા આવે તો આ કામના આરોપીને રૂા.૧૫,૦૦૦/–ના સધ્ધર જામીન તથા તેટલી રકમના જાત મુચરકા લખી આપેથી તેમજ શરતોને આધીન જામીન મુક્ત કરેલ તેમાં જણાવેલ શરત નંબરઃ૦૧ ધ્યાને લેવામા આવે તો અરજદાર/આરોપીએ જાતે, અન્ય મારફતે ફરિયાદપક્ષના પુરાવા સાથે કોઈ ચેડા કરવા નહી કે સાહેદોને ધાકધમકી આપવી નહી. આમ, નામદાર કોર્ટે આરોપીને જામીન મુક્ત કરતી વખતે ફરિયાદપક્ષના પુરાવા સાથે કોઈ ચેડા કરવા નહી કે સાહેદોને ધાકધમકી આપવી નહી તેવી સ્પષ્ટ શરત ફરમાવેલ હોય અને તે શરતોનુ પાલન આરોપી દ્વારા કરવામા આવશે તે અન્વયે આરોપીને જામીન મુક્તિનો હુકમ થયેલ છે. પરંતુ આ કામે પોલીસે રજુ રાખેલ હાલની અરજી ધ્યાને લેવામા આવે તો આરોપી શરતોને આધીન જામીન મુક્ત થયા બાદમાં આ

કામે ગઈ તારીખઃ૨૦/૦૬/૨૦૨૪ નારોજ ફરિયાદી તેઓની નોકરી ઉપર હાજર હતા તે દરમ્યાન કલાકઃ૧૭–૩૦ વાગ્યાના સુમારે આરોપી તેઓની નોકરીવાળી જગ્યાએ  જઈ ફરિયાદીને કહેવા લાગેલ કે તે મારૂ શુ બગાડી લિધેલ મારા જામીન થઈ ગયેલ છે અને તારે વધારે રૂપીયા વાપરવા હોય તો શાહીબાગ ખાતે આવ તેમ જણાવી ફરિયાદીની ઓફિસ ખાતેથી જતો રહેલ અને સાથેના સ્ટાફ સાથે પણ અસભ્ય વર્તન કરી, ફરિયાદીને ધાકધમકી આપેલ છે અને તે અનુસંધાને મુળ ફરિયાદી ક્રિષ્ના ડૉ/ઓફ નિતીનભાઈ દાનાભાઈ પરમારનાઓ દ્વારા વાડજ પોલીસને અરજી આપી આરોપી હેરાન પરેશાન કરતો હોવા બાબતેની જે અનુસંધાને પોલીસ દ્વારા તારીખઃ૨૦/૦૬/૨૦૨૪ નારોજ ફરિયાદીનુ નિવેદન નોધવામાં આવેલ છે તેમજ અન્ય સાહેદોને પણ નિવેદન નોધવામા આવેલ છે. આમ, સમગ્ર પેપર્સ ધ્યાને લેતા આ કામના આરોપીને વાડજ પો.સ્ટે.પાર્ટ.એ. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૩૨૪૦૩૭૯/૨૦૨૪ થી ઈ.પી.કો.કલમઃ ૩૫૪(ડી), ૫૦૬(૨) મુજબના ગુનાના કામે શરતોને આધીન જામીન મુક્ત કરેલ અને તે શરતોનુ આરોપી દ્વારા પાલન કરવામાં આવશે તેની ખાત્રી આપ્યા બાદ પણ આરોપી દ્વારા ફરિયાદી તથા તેઓના સાહેદોને તારીખઃ૨૦/૦૬/૨૦૨૪ ના રોજ ધાક ધમકી આપી ફરિયાદીને પરેશાન કરેલ હોવાની હકિકત સ્પષ્ટ થતી હોય, વધુમાં આ કામે આરોપીને હાલની અરજીના કામે નોટીસ ઈસ્યુ કરવામા આવેલ છે જે નોટીસની ધારાધોરણસર બે વખત

બજવણી થવાછતાં પણ આરોપી  કે તેમના તર્ફે કોઈ વિ.વ.શ્રી નામદાર કોર્ટ સમક્ષ હાજર રહી, પોલીસે રજુ રાખેલ અરજી અનુસંધાને કોઈ રજૂઆત કરેલ નથી.આમ, સમગ્ર કેસ રેકર્ડ ધ્યાને લેતા આ કામના આરોપીને વાડજ પો.સ્ટે.પાર્ટ.એ. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૩૨૪૦૩૭૯/૨૦૨૪ થી ઈ.પી.કો.કલમઃ ૩૫૪(ડી), ૫૦૬(૨) મુજબના ગુનાના કામે શરતોને આધીન જામીન મુક્તિનો હુકમ કરેલ તેમાં જણાવેલ શરત નંબરઃ૦૧.અરજદાર/આરોપીએ જાતે, અન્ય મારફતે ફરિયાદપક્ષના પુરાવા સાથે કોઈ ચેડા કરવા નહી કે સાહેદોને ધાકધમકી આપવી નહી તેમછતાં આરોપીએ ફરિયાદી તથા તેમના સાહેદોને ધાક ધમકી આપેલ હોય જેથી પોલીસે રજુ રાખેલ હાલની અરજી મંજુર કરી, ન્યાયના વિશાળ હિતમાં નિચે મુજબનો હુકમ ફરમાવવામા આવે છે.

**– હુ   ક   મ –**

૧. હાલની અરજી આથી મંજુર કરવામા આવે છે.

૨. આ કામના આરોપી હેમાંગકુમાર દિનેશભાઈ પરમારનાઓને વાડજ પો.સ્ટે.પાર્ટ.એ. ગુ.ર.નંબરઃ૧૧૧૯૧૦૨૩૨૪૦૩૭૯/૨૦૨૪ થી ઈ.પી.કો.કલમઃ૩૫૪(ડી), ૫૦૬(૨) મુજબના ગુનાના કામે જામીન મુક્ત કરેલ છે તેમાં ફરમાવેલ શરત નંબરઃ૦૧ નો ભંગ કરેલ હોય જેથી હાલના આરોપીને સદર ગુનાના કામે આપેલ બેલ બોન્ડ આથી રદ કરી, આ કામના આરોપી સામે સદર ગુનાને

લગતુ ધરપકડ વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજ તારીખઃ૦૯મી માહે, સપ્ટેમ્બર સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામઃઅમદાવાદ શહેર
તારીખઃ૦૯/૦૯/૨૦૨૬

(ભાવિક હિતેનભાઈ ભટ્ટ)
૩૯માં,એડી.ચીફ.જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૦૯,અમદાવાદ શહેર
જજ કોડ નંબર જીજે.૦૧૫૨૨

આર.કે.સોનારા.